ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૧૨/૧૯-૨૦/ 9248 તારીખ : 01 JUL 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૧૨/૧૯-૨૦

પ્રતિ,
**મે.ઈલીયા ફુડસ,**
રે.સ.નં. ૫૭પી૪/૧પી,
ગામ– ડુંડાસ, તા. મહુવા,
જી.ભાવનગર.
**મો.નં. ૯૮૨૫૧૧૨૦૦૭**

**વિષય : પુરવણી બિલ માં સુધારો કરી આપવા અંગે.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૧/૧૧/૨૦૧૯ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૯/૧૨/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૨/૧૯-૨૦/૫૧૫૨ તા.૨૦/૧૨/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૨/૧૯-૨૦/૧૦૦૬ તા.૨/૩/૨૦૨૦.

**શ્રીમાન,**

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૨/૦૩/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.બી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી–૧, મહુવા.

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
૨) શ્રી ~~કાર્યપાલક~~ નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વિભાગીય કચેરી, મહુવા. R-I
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

01c

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

કેઈસ નંબર -૧૧૨/૧૯-૨૦

વાદી :- મે.ઈલીયા ફુડસ

વિરૂધ્ધ

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખ:- તા.૧૨/૦૩/૨૦૨૦**

હાજર રહયા :- **શ્રી અલીરઝા જે દાતારી** - (વાદી ના પાર્ટનર)

પ્રતિવાદી :- **શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

**મે. ઈલીયા ફુડસ, મું.કુંડાસ, તા.મહુવા, જી.ભાવનગર ની પુરવણી બિલ માં સુધારો કરી આપવા અંગેની રજુઆત** કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૧૨/૧૯-૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૨/૧૯-૨૦/૫૧૫૨ તા.૨૦/૧૨/૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. તા.૧૨/૦૩/૨૦૨૦ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી વતી શ્રી અલીરઝા જે દાતારી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત:- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો વાદી મે.ઈલીયા ફુડસ, રે.સ.નં. ૫૭પી૪/૧પી, ગામ- કુંડાસ, તા.મહુવા, જી.ભાવનગર પાસે ઔદ્યોગીક એકમ ધરાવીએ છીએ. જેમાં થતો વપરાશ ડુંગળીની સીઝન ને આધારીત હોય છે.

૧.૨ અમારૂં કારખાનુ તા.૨૮/૪/૨૦૧૯ સુધી ચાલુ હતું. ત્યારબાદ કારખાનુ સદંતર બંધ છે. ફકત લાઈટ માટે કારખાનુ ચાલુ છે.

૧.૩ અમોને માહે એપ્રિલ-મે-જુન ૨૦૧૯ ની એવરેજ બિલ ગણીને પુરવણી બિલ આપવામાં આવેલ છે. જે સમયગાળા દરમ્યાન CTPT યુનિટ ડીફેકટીવ હતું તેમજ તે સમયગાળા દરમ્યાન કારખાનુ પણ બંધ હતુ અને હજી સુધી બંધ છે. તો તે મુજબ અમોને બિલ સુધારીને પુરવણી બિલ આપવા અગાઉ ડિવિઝન ઓફીસ, મહુવા ને કરેલ હતી. પરંતુ, સદર બિલ બાબતે કોઈ પણ ફેરફાર કરી આપેલ નથી.

૧.૪ અમારૂં કારખાનુ સદંતર બંધ હતુ તો તે મુજબનું બિલ કરી આપવા પીજીવીસીએલ ને હુકમ કરી આપવા વિનંતી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>**

૨.૧ વાદી નું નામ – શ્રી મે.ઈલીયા ફુડ્સ

૨.૨ ગ્રાહક નંબર–૨૯૦૬૮(એચ.ટી.)

૨.૩ કેટેગરી/ટેરીફ – HT, HTP-1

૨.૪ લોડ– ૧૬૦ કેવીએ

૨.૫ કનેકશન રીલીઝ તારીખ – ૨૪/૩/૨૦૧૮.

૨.૬ મહુવા ડિવિઝન હેઠળ ના ગ્રામ્ય રૂરલ–૧ સબ ડિવિઝન હેઠળ આવતા ડુંડાસ ગામે શ્રી મે.ઈલીયા ફુડસ નામનું એચ.ટી. વિજ જોડાણ આવેલ છે.

૨.૭ સદર વિજ જોડાણ ના મંથલી રીડીગ દરમિયાન જુલાઈ–૧૯ માસમાં રીડીગ લેતા સમયે સદર_વિજ જોડાણ ના ડિસ્પ્લે બંધ હોવાનું માલૂમ પડેલ એટલે કે, કોઈપણ રીડીગ પેરામીટર લઈ શકાયેલ નહી.

૨.૮ આથી, સદર વિજ જોડાણ નું ચેકીગ મહુવા વિભાગીય કચેરીના નાયબ ઈજનેરશ્રી દ્વારા તા ૧૬/૭/૨૦૧૯ ના રોજ હાથ ધરતા માલૂમ પડેલ કે, સદર વિજ જોડાણ નું CTPT ડિફેકટીવ છે અને TTB વોલ્ટેજ માં ત્રણેય ફેઈઝ માં વોલ્ટેજ ૦૦ માલૂમ પડેલ હતા.

૨.૯ સદર CTPT ડિફેકટીવ હોવાના કારણે, CTPT ની સેકન્ડરી માંથી વિજ મીટર ના વોલ્ટેજ મળતા ન હોવાના કારણે, મીટર ની ડિસ્પ્લે બંધ હતી.

૨.૧૦ સદર CTPT તા ૧૯/૭/૨૦૧૯ ના રોજ બદલવામાં આવેલ તથા નવુ CTPT મૂકવામાં આવેલ.

૨.૧૧ સદર વિજ જોડાણ માં નવુ CTPT લગાવી ચાર્જ કરતા, મીટર ની ડિસ્પ્લે ચાલુ થઈ ગયેલ અને મીટરના Y ફેઈઝમાં 6.70 વોલ્ટેજ તથા B ફેઈઝમા 6.75 વોલ્ટેજ જોવા મળેલ.

૨.૧૨ સદર ડિફેકટીવ CTPT નું લેબ પરીક્ષણ તા.૬/૯/૨૦૧૯ ના રોજ મહુવા લેબ ખાતે કરવામાં આવેલ અને પરીક્ષણ બાદ સદર CTPT ને ડિફેકટીવ જાહેર કરવામાં આવેલ. આ સાથે લેબ રીપોર્ટ ની કોપી સામેલ છે.

૨.૧૩ આમ, સદર વિજ જોડાણ ના CTPT ડિફેકટીવ હોવાના કારણે, મીટર માં વોલ્ટેજ મળતા ન હતા. આથી, મીટરમાં વિજ વપરાશ નોંધાતો ન હતો.

૨.૧૪ આમ, સદર વિજ કનેકશન ના વિજ મીટર ના લીધેલ MRI રીપોર્ટ નો અભ્યાસ કરતા માલૂમ પડેલ છે કે, તા.૨૭/૬/૨૦૧૯ એ 18.59 કલાક થી તા. ૧૯/૭/૨૦૧૯ એ 18.53 કલાક સુધી મીટરમાં વિજ વપરાશ નોંધાયેલ નંથી. એટલે કે, ૨૨ દિવસ ના સમયગાળા દરમ્યાન કારખાના માં થયેલ વિજ વપરાશ મીટરમાં નોંધાયેલ નથી. આ સાથે MRI કોપી સામેલ છે.

૨.૧૫ આથી, GERC ના સપ્લાય કોડ નં –૪/૨૦૧૫ ના કલોઝ નં – ૬.૫૮ મુજબ '' ખામીયુકત ચોંટી ગયેલ/ બંધ /બળેલ મીટર ના કેસમાં મીટર ખામી પૂર્ણ જણાય/જણાવાય તે તારીખ થી તરત અગાઉના છેલ્લા ત્રણ બિલીગ અવધીના સરેરાશ વપરાશ ના બિલોને આધારે ગ્રાહકને બિલ આપવુ. પૂરતી વિગતો પ્રાપ્ય ન હોય તો તે

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

પછીની મુદતના બે /ત્રણ બિલ ની અવધી દરમ્યાન થયેલ વપરાશ ગણતરી**માં લઈ શકાય**. આ ખર્ચ અધિકતમ ત્રણ બિલીગ અવધિ ની મુદત માટે વસુલવા પાત્ર થશે. ''

૨.૧૬ આમ, સદર ગ્રાહકનું CTPT જુલાઈ –૨૦૧૯ માં **ડિફેકટીવ થયેલ હતું. આથી, સપ્લાય કોડ મુજબ** જુલાઈ–૨૦૧૯ પહેલાની ત્રણ બિલીગ સાયકલ ના મહિના એટલે કે, એપિલ–મે–જુન ૨૦૧૯ મહિના દરમ્યાન થયેલ વિજ વપરાશ ની એવરેજ કાઢવામાં આવેલ છે. અને તે એવરેજ મુજબ ૨૨ દિવસ ના વપરાશ ની ગણતરી કરી ૨૭૨૧૩ યુનિટ નું રૂા.૧,૮૮,૨૦૬/૦૭ નું પુરવણી બિલ આપવામાં આવેલ છે. આ સાથે પુરવણી બિલ ની કોપી અને ગણતરીનું સ્ટેટમેન્ટ સામેલ છે.

૨.૧૭ આમ, સપ્લાય કોડ મુજબ વાદી ને આપવામાં આવેલ સપ્લીમેન્ટરી બિલ યોગ્ય છે. જે વાદીએ ભરવાપાત્ર છે.

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજૂઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી મે.ઈલીયા ફુડસ, નામનું ગામ – ડુંડાસ, તા.મહુવા માં HTP-1 ટેરીફ કેટેગરી નું 160 KVA નું હાઈ ટેન્શન ઔધોગીક વિજ જોડાણ ગ્રાહક નં – 29068 થી ધરાવે છે. વાદી ના વિજ જોડાણ નો ઉપયોગ ઓનીયન ડિહાઈડ્રેશન ની પ્રકિયા માટે કરે છે.

૩.૨ પ્રતિવાદી એ વાદી ને તા.૨૭/૬/૨૦૧૯ થી તા.૧૯/૭/૨૦૧૯ ના ૨૨ દીવસો માટેનુ 27213 નું એવરેજ યુનિટ નું વિજ બિલ રૂા.૧,૮૮,૨૦૬/૦૭ નું આપેલ છે. જે એવરેજ બિલ સામે વાદી એ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૩.૩ **વાદી ના HT વિજ જોડાણ ના સ્થળ પર** તા.૧૬/૭/૨૦૧૯ ના રોજ પ્રતિવાદી દ્વારા રીડીગ લેતા સમયે **મીટરનો ડિસ્પ્લે OFF** જણાયેલ. તેથી મીટર ના ડિસ્પ્લે પર KWH રીડીગ અને બીજા કોઈપણ Parameters જોવા મળેલ નહી.

૩.૪ પ્રતિવાદી દ્વારા મીટર તેમજ CTPT ને તપાસતા માલૂમ પડેલ કે, વિજ જોડાણના મીટરીગ સીસ્ટમ નુ CTPT યુનિટ ફેઈલ થયેલ. પરંતુ, વાદી ના વિજ સ્થાપન પરનો વિજ પ્રવાહ ચાલુ હતો.

૩.૫ પ્રતિવાદી એ Failed CTPT યુનિટ તા.૧૯/૭/૨૦૧૯ ના રોજ બદલાવી નવું CTPT યુનિટ લગાડી મીટરના તેમજ નવા CTPT ના જરૂરી ટેસ્ટીગ સ્થળ પર કરેલ. જેની નોંધ ચેકીગ શીટ નં – BZ/.22115. Dtd. 19.07.2019 માં નોંધ કરી તૈયાર કરેલ.

૩.૬ પ્રતિવાદી દ્વારા તા ૨૫/૭/૨૦૧૯ ના રોજ મીટર નો MRI લેવામાં આવેલ. મીટર ના MRI ના Observation અને Findings મુજબ Event નો Occurance Date અને time 27.06.2019/18:59 તેમજ Event નો Restoration Date અને time 19.07.2019/18:53 છે. એટલે કે, વાદી ના વિજ સ્થાપન પરનું CTPT યુનિટ તા.27.06.2019 ના રોજ 18:59 સમયે ફેઈલ થયેલ.

૩.૭ પ્રતિવાદી એ તા. ૬/૯/૨૦૧૯ ના રોજ CTPT યુનિટ ને વાદી ના પ્રતિનિધિ ની હાજરીમાં તપાસી તેમજ ટેસ્ટીગ કરી, તેનો અહેવાલ તૈયાર કરેલ. CTPT ના ટેસ્ટીગ રીઝલ્ટ મુજબ CTPT ફેઈલ થયેલ માલૂમ પડેલ.

૩.૮ પારા નં – ૩.૬ અને ૩.૭ મુજબ વાદી નું વિજ સ્થાપન નું CTPT યુનિટ તા.૨૭/૬/૨૦૧૯ થી તા.૧૯/૭/૨૦૧૯ (૨૨ દિવસ) ના સમયગાળા દરમ્યાન ફેઈલ રહેલ અને વાદી નું વિજ સ્થાપન પરનું વિજ જોડાણ નો પાવર ચાલુ સ્થિતિ માં હતો.

૩.૯ પ્રતિવાદી એ GERC ના Supply Code Notification-04/2015 ના Clause No.6.58 પ્રમાણે એપ્રિલ–૧૯, મે–૧૯, જુન–૧૯ ના વાદી ના વિજ વપરાશ ની (ત્રણ માસની) એવરેજ યુનિટ ની ગણતરી કરી અને વાદી ને તા.૨૭/૬/૨૦૧૯ થી તા.૧૯/૭/૨૦૧૯ ના સમયગાળા દરમ્યાન (૨૨ દિવસ) નું એવરેજ વપરાશ ના ૨૭૨૧૩ યુનિટ નુ રૂા.૧,૮૮,૨૦૬/૦૭ વિજ બિલ તા.૨૪/૯/૨૦૧૯ ના રોજ આપેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૯.(૧) વાદી એ ફોરમ સમક્ષ સુનાવણી દરમ્યાન રજૂઆત કરેલ છે. તા.૨૮/૪/૨૦૧૯ થી ઓફ સીઝન ને લીધે તેઓનો પ્લાન્ટ બંધ હતો. તેથી, જાન્યુ–૨૦૨૦ સુધી વિજ વપરાશ હતો નહી. પરંતુ, વાદી એ આ માટે કોઈ આધાર રજૂ કરેલ નથી. તેમજ વાદી એ તેમના વિજ જોડાણ સિઝનલ ટેરીફ નો ઓપ્શન લીધેલ હોય નહીં, વાદી નું જોડાણ સીઝનલ જોડાણ નંથી.

૩.૯.(૨) પારા નં – ૩.૯ મુજબ વાદી ને GERC ના Supply Code Notification- 04/2015 મુજબ આપેલ એવરેજ બિલ યોગ્ય છે. જે વાદી ને ભરવાપાત્ર છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૯.(૨) મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**ગેરહાજર**
**(પી. એન. અજાકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૨.૦૩.૨૦૨૦**

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar